ક્રમાંકઃ મજસ-૩/ભગાર લે-વેચ જા.નામુ/૬/૨૦૧૫/વ- ૫૩૨૪ થી ૫૪૨૩

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
સુરેન્દ્રનગર.
તા.૨૨/૦૭/૨૦૧૫

પાંચ...ના રાજ્ય...ની કચેરી
સુરેન્દ્રનગર
28 JUL 2015
020891
ઇનવર્ડ નં.........

-// ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું //-

સુરેન્દ્રનગર જીલ્લામાં હાલમાં ચોરીઓના ગુના અવાર-નવાર બનાવ બનતા હોય છે. જે બનાવોમાં ઘણા કિસ્સામાં ચોરી કરનાર ઇસમો ચોરેલી ચીજ વસ્તુઓ ભંગાર લે-વેચ કરતા વેપારીઓને સસ્તા ભાજે વેચી દેતા હોય છે અને પોલીસ તપાસ દરમ્યાન ભંગાર લે-વેચનો ધંધો કરતા વેપારીઓ સંપર્ક કરતા ભંગાર લે-વેચ કરતા વેપારીઓ પાસે ભંગાર વહેચવા આવેલ કે ખરીદ કરનારની કોઇ વિગત મળતી નથી કે તેઓ દ્વારા ભંગાર વહેચવા આવેલ કે ખરીદ કરવા આવેલનું કોઇ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી જેથી ચોરી કરનાર ગુનેગારોને સુધી પોલીસ સહેલાયથી પહોચી શકતી નથી જેથી આવા ભંગાર લે-વેચ કરતા વેપારીઓએ ભંગાર વેચવા આવનર તેમજ ખરીદ કરવા આવનાર વ્યકતીના નામ સરનામા તથા આઇ.ડી.પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતુ રજીસ્ટર રાખવુ જરુરી છે.જેથી પોલીસ વિભાગને જરુર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાયથી પહોચી શકાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઇ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૬.૦૫.૨૦૧૫ ના પત્રક્રમાંક-એલઆઇબી/જા.પ્ર./૩૭૯/૧૫ થી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઇ આવેલ છે.તાજેતરની પરિસ્થતિમાં જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઇ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું ફરમાવવુ મને જરુરી જણાય છે.

વાસ્તે હું હિતેષ કોયા, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રુએ નીચેના કોલમ મુજબનુ રજીસ્ટર નિભાવવા હુકમ કરુ છુ.

રજીસ્ટ્રરમાં નીચે જણાવેલ કોલમ મુજબની માહિતી રાખવી

| અ.નં | તારીખ | ભંગારનો પ્રકાર/વર્ણન તથા અન્ય વિગત | ભંગાર જેની પાસેથી ખરીદેલ હોય તેનુ નામ,સરનામુ,એક આઇ.ડી.પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો | ભંગાર જેને વેચેલ હોય તેનુ નામ,સરનામુ,એક આઇ.ડી.પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો |
|---|---|---|---|---|
| | | | | |

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારોમાં સહેલાઇથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

(હિતેષ કોયા)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જીલ્લો

**નકલ જયભારત સાથ જાણ તથા જાહેર પ્રસિધ્ધિ સારૂ રવાના :-**

- જીલ્લા ન્યાયધિશશ્રી, જીલ્લા અદાલત, સુરેન્દ્રનગર
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર
- પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર
- અધિક જીલ્લા ન્યાયધિશશ્રી, એડી. સેશન્સ કોર્ટ, ધ્રાંગધ્રા/લીંબડી
- ચીફ જયુડી. મેજીશ્રી, સુરેન્દ્રનગર
- સબ ડીવીઝનલ મેજીશ્રી, વઢવાણ/ લીંબડી/ ધ્રાંગધ્રા/ ચોટીલા/ પાટડી
- વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/લીંબડી
- જયુડી. મેજીશ્રી,(ફ.ક.), લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી
- મદદનીશ સરકારી વકીલશ્રી,
  લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી/સુરેન્દ્રનગર
- એકઝીકયુટીવ મેજીશ્રી, લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/થાનગઢ/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી
- જીલ્લા સરકારી વકીલશ્રી, સુરેન્દ્રનગર
- સર્કલ પોલીસ ઇન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર/લીંબડી/ચોટીલા/ધ્રાંગધ્રા
- પોલીસ ઇન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગરસીટી / ધ્રાંગધ્રાસીટી
- પોલીસ ઇન્સ્પેકટરશ્રી,એલ.આઇ.બી./એલ.સી.બી./એસ.ઓ.જી. સુરેન્દ્રનગર
- પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર સીટી /વઢવાણ/જોરાવરનગર/લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/
  થાનગઢ/પાટડી/દશાડા/ઝીંઝુવાડા/મુળી/પાણશીણા/લખતર/ધ્રાંગધ્રા તાલુકા/ધ્રાંગધ્રાસીટી
- ચીફ ઓફીસરશ્રી, સુરેન્દ્રનગર/વઢવાણ/ધ્રાંગધ્રા/લીંબડી/ચોટીલા/થાનગઢ/પાટડી
- ડેપો મેનેજરશ્રી, એસ.ટી.ડેપો. સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/લીંબડી/ચોટીલા/લખતર/સાયલા
- નાયબ માહિતી નિયામકશ્રી, સુરેન્દ્રનગર
  - જાહેરનામાની અગ્રગણ્ય દૈનિક સમાચાર પત્રમાં વિના મુલ્યે પ્રેસનોટ આપવા સારૂ.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
  - જાહેરનામાની ગેઝેટમાં પ્રસિધ્ધિ આપવા તેમજ ગેઝેટની ૧૦ નકલો અત્રેને મોકલી આપવા સારૂ.
- સીલેકટ ફાઇલે